# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**વંચાણમાં:-** (૧) અત્રેની કચેરીના પરિપત્ર ક.નં. જા.નં.નકૃયુ/હિનિ/ઓડિટ/**૩૮૭**/૨૦૨૪, તા. ૨૦.૦૧.૨૦૨૪

(૨) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્રમાંક નં.એલ.એફ./એનવીએસ/ કૃયુનિ.ઓડિટ/૧૬-૧૮/ઈન્ટીમેશન/૨૦૨૪, તા. ૦૨.૦૨.૨૦૨૪

(૩) અત્રેની કચેરીના પરિપત્ર ક.નં. જા.નં.નકૃયુ/હિનિ/ઓડિટ/**૫૪૪**/૨૦૨૪, તા. ૦૫.૦૨.૨૦૨૪

(૪) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્રમાંક નં.એલ.એફ./ એનવીએસ/ કૃયુનિ.ઓડિટ/૧૬-૧૭/ઈન્ટીમેશન/**૭૫૨**, તા. ૨૨.૦૩.૨૦૨૪

(૫) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારીના પત્ર ક્રમાંક નં.એલ.એફ./એનવીએસ/ કૃયુનિ.ઓડિટ/૧૭-૧૮/ઈન્ટીમેશન/**૭૫૮**, તા. ૨૨.૦૩.૨૦૨૪

## પરિપત્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટીનું સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વર્ષનું ઓડિટ હાથ ધરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીનું **સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વાર્ષિક હિસાબોનું** ઓડિટ સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી, નવસારી દ્વારા **વંચાણે લીધેલ ક્રમાંક–૧** મુજબ **તા.૦૨.૦૨.૨૦૨૪** થી શરૂ થવાનું હતું. જે **વંચાણે લીધેલ ક્રમાંક–૨** થી મળેલ સૂચના મુજબ સદર ઓડિટ **વંચાણે લીધેલ ક્રમાંક–૩ થી** સ્થગિત રાખવામાં આવેલ હતું. જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારી તરફથી **વંચાણે લીધેલ ક્રમાંક–૪ અને ૫** થી મળેલ સૂચના મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટીનું **સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વાર્ષિક હિસાબોનું** ઓડિટ **તા.૦૧.૦૪.૨૦૨૪** થી શરૂ થનાર છે. તો જે તે કચેરીઓને તેમનું સ્થાનિક રેકર્ડ અદ્યતન રીતે ગોઠવણ કરી જરૂરી વ્યવસ્થા પૂરી પાડવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. ઓડિટ સમય દરમ્યાન કર્મચારી/અધિકારીશ્રીઓએ તેઓની ફરજ ઉપર હાજર રહી ઓડિટ કરેલ માંગણી મુજબનું તમામ રેકર્ડ રજૂ કરવાનું રહેશે. ઓડિટ દરમ્યાન ઉપસ્થિત કરવામાં આવતા પ્રાથમિક વાંધાના જવાબો જરૂરી આધાર પુરાવા સાથે શક્ય હોય તો **તુરંત જ અથવા દિન–૨ માં** રજૂ કરી આપવાની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે. જેની એક નકલ અત્રેની કચેરીને અવશ્ય આપવાની રહેશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે, આપની કચેરીને આપવામાં આવેલ વાંધાની નોંધ આપની કચેરીના ઓડિટ રજીસ્ટરમાં બિનચૂક કરવાની રહેશે.

**બિડાણ:– વંચાણે લીધેલ ક્રમાંક–૪ અને ૫**

**જા.નં.નકૃયુ/હિનિ/ઓડિટ/૧૧૨૦/૨૦૨૪**
**તા. ૨૩/૦૩/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાના (ઈ–પરિપત્ર દ્વારા) :–**

**(૧)** પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ સારું.
**(૨)** કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
**(૩)** યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.
**(૪)** જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારી.
**(૫)** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
**(૬)** યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.
**(૭)** વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.

# જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી

સ્થાનિક ભંડોળ હિસાબ,બીજે માળ,જૂનું જિલ્લા સેવા સદન,
કોર્ટ બિલ્ડીંગ સામે, જૂના થાણા,નવસારી.
Mail: asstexaminer-nav@gujarat.gov.in phone: 02637-280239


નં.એલ.એફ./એનવીએસ/ફ્યુનિ.ઓડીટ/૧૬-૧૭/ઈન્ટીમેશન/ 752 તા. ૨૨.૦૩.૨૦૨૪

પ્રતિ,

કુલપતિશ્રી,

નવસારી કૃષિ યુનિવર્સીટી,

નવસારી

વિષય-નવસારી કૃષિ યુનિવર્સીટી નું સને ૨૦૧૬-૧૭નું ઓડીટ પુન: શરૂ થવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૧૯૬૩ ના ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમની જોગવાઈ અન્વયે આપની સંસ્થાનુ સને ૨૦૧૬-૧૭નુ ઓડીટ અત્રેની કચેરી દ્વારા ૨૩.૧૨.૨૦૧૯ થી શરૂ કરવામાં આવેલ હતું પરંતુ સદરહું ઓડીટ કોરોનાને કારણે પૂર્ણ થઈ શકેલ નથી. સદરહુ ઓડિટ અન્વયે બાંધકામ શાખા તથા યુનિવર્સીટી ને સંલગ્ન જિલ્લા બહારની સંસ્થાનું ઓડિટ બાકીમાં હોય જે પુન: તા. ૦૧/૦૪/૨૦૨૪ ના રોજથી શરૂ થનાર હોય ઓડીટ દરમિયાન રેકોર્ડ અચૂક રજૂ થાય તે અંગે સંબંધિતોને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી.

આપની વિશ્વાસુ,

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
નવસારી

નકલ સવિનય રવાના :-

(૧)હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સીટી,નવસારી તરફ જાણ તથા અમલ સારૂ.

(૨)વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,સુરત ઝોન તરફ જાણ તથા અમલ સારૂ

નકલ રવાના -

(૧)શ્રીમતી જાગૃતિ એફ ઠાકોર, ઓડીટર, (વર્તુળ-૧)તરફ જાણ તથા અમલ સારૂ

(૨) શ્રી પી.એમ.વાળા, ના.ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ

(૩)કુ એ.ટી.ગોહીલ, સબ.ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ

# જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી

સ્થાનિક ભંડોળ હિસાબ,બીજે માળ,જૂનું જિલ્લા સેવા સદન,
કોર્ટ બિલ્ડીંગ સામે, જૂના થાણા,નવસારી.
Mail: asstexaminer-nav@gujarat.gov.in phone: 02637-280239


નં.એલ.એફ./એનવીએસ/કૃયુનિ.ઓડીટ/૧૭-૧૮/ઈન્ટીમેશન/758 તા. ૨૨.૦૩.૨૦૨૪

પ્રતિ,
કુલપતિશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સીટી,
નવસારી

વિષય-નવસારી કૃષિ યુનિવર્સીટી નું સને ૨૦૧૭-૧૮ નું ઓડીટ શરૂ થવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૧૯૬૩ ના ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમની જોગવાઈ અન્વયે આપની સંસ્થાનુ સને ૨૦૧૭-૧૮ નુ ઓડીટ અત્રેની કચેરી દ્વારા તા.૦૧ /૦૪/૨૦૨૪ ના રોજથી શરૂ થનાર હોય ઓડીટ દરમિયાન રેકોર્ડ અચૂક રજૂ થાય તે અંગે સંબંધિતોને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી.

આપની વિશ્વાસુ,

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
નવસારી

નકલ સવિનય રવાના :-
(૧)હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સીટી,નવસારી તરફ જાણ તથા અમલ સારૂ.
(૨)વિભાગીય નાયબ નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,સુરત ઝોન તરફ જાણ તથા અમલ સારૂ
નકલ રવાના :-
(૧)શ્રીમતી શીલાબેન પી ચૌધરી, ઓડીટર, (વર્તુળ-૨) તરફ જાણ તથા અમલ સારૂ
(૨) શ્રી એ એસ પટેલ, સબ ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ
(૩)શ્રી એન એ ચૌધરી , સબ ઓડીટર, તરફ જાણ તથા અમલ સારૂ